ૐ

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ – ગુજરાત પ્રાંત

ડૉ. હેડગેવાર ભવન, બળીયાકાકા માર્ગ, જૂના ઢોર બજાર, કાંકરીયા, કર્ણાવતી – ૩૮૦૦૨૮
દૂરભાષ : - (૦૭૯) ૨૫૪૩૩૧૩૧, ૨૫૪૩૪૧૩૨

તિથિ : ફાગણ સુદ ચોથ
દિનાંક : ૨૧/૦૨/૨૦૨૬

પરમ સ્નેહી શ્રી

**સસ્નેહ નમસ્કાર.**

આપણા સંઘકાર્યના વિકાસ અને વિસ્તારનો મુખ્ય આધાર કુશળ અને પ્રશિક્ષિત કાર્યકર્તાઓ છે. આવા કાર્યકર્તાઓનાં નિર્માણમાં સંઘ શિક્ષા વર્ગોનું વિશેષ મહત્વ છે. આ વર્ષે આ પ્રકારના ગુજરાત પ્રાંતનાં સંઘ શિક્ષા વર્ગનું આયોજન ઉનાળાની રજાઓમાં કરવામાં આવેલ છે. આ વર્ગમાં આપ અપેક્ષિત છો. અવશ્ય ઉપસ્થિત રહેશો. વર્ગ માટેની આવશ્યક સૂચનાઓ નીચે મુજબ છે.

## સંઘ શિક્ષા વર્ગ (સામાન્ય)

**સમયાવધિ** : યુગાબ્દ ૫૧૨૮, વૈશાખ વદ છઠ, દિ. ૮ મે ૨૦૨૬, શુક્રવારે, બપોરે ૧૨:૦૦ કલાકે ભોજન સુધી પહોચવું.
અધિક જેઠ સુદ નોમ, દિ. ૨૪ મે ૨૦૨૬, રવિવારે, સવારે ૯:૦૦ કલાકે, વર્ગ પૂરો થયા પછી જઈ શકાશે.

**શુલ્ક** : ૭૦૦/- રૂ. વિદ્યાર્થી કાર્યકર્તા માટે.
૧૦૦૦/- રૂ. વ્યવસાયી કાર્યકર્તા માટે. (વ્યવસાયી કાર્યકર્તા વિશેષ સહયોગ કરી શકે)

**પ્રવેશપાત્રતા** : આયુ ૧૬ વર્ષથી ઓછી કે ૪૦ વર્ષથી અધિક ન હોવી જોઈએ. (દિ.૦૮/૦૫/૧૯૮૬ થી ૦૮/૦૫/૨૦૧૦ની વચ્ચે જન્મ થયો હોવો જોઈએ)
પ્રાથમિક શિક્ષા વર્ગ શિક્ષિત
ગટનાયકથી લઈને ઉપરના દાયિત્વમાં ન્યૂનતમ એક વર્ષથી સક્રિય.

**પૂર્વ તૈયારી** : ગણવેશ (દંડ સહિત) પૂર્ણ કરી લઈને આવવું.

**શારીરિક યોગ્યતા** : સમતામાં પુરસર, પ્રતિસર, સ્થિર વર્તન, સૂર્ય નમસ્કાર તથા દંડમાં શિરમાર, અધોમાર, પ્રહાર આવડવા જોઈએ.

**બૌદ્ધિક યોગ્યતા** : શાલેય વિદ્યાર્થી માટે (૧) "ડૉ. હેડગેવાર" લેખક પ્ર.ગ. સહસ્ત્રબુદ્ધે
મહાવિદ્યાલયીન અને વ્યવસાયી શિક્ષાર્થી માટે (૧) "ડૉ. હેડગેવાર" લેખક પ્ર.ગ. સહસ્ત્રબુદ્ધે અને
(૨) "संघ और स्वतंत्रता संग्राम" લેખક નરેન્દ્ર સહગલ, સુરુચિ પ્રકાશન પુસ્તકનું વાંચન કરીને આવવુ.
બધાએ પ્રાર્થના તથા એક ગીત કંઠસ્થ કરવું જરૂરી છે.

| | |
|---|---|
| ➢ **દક્ષિણ ગુજરાત** (નવસારી, સુરત મહાનગર, ભરૂચ, વડોદરા, પંચમહાલ તથા નડિયાદ, વિભાગનાં શિક્ષાર્થીબંધુઓ)<br>➢ **વર્ગસ્થાન :** શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ(કંડારી) નેશનલ હાઈવે નં.૮ ઉપર,કરજણ-વડોદરા રોડ ગામ.કંડારી તાલુકો.- કરજણ,જિલ્લો.-વડોદરા-૩૯૧૨૪૦<br>➢ **સંપર્કસૂત્ર :** શ્રી ધર્મેશભાઈ પટેલ (7859823582)<br>➢ **યાતાયાત સુચના :-** રેલવેથી આવનાર શિક્ષાર્થી કરજણ સ્ટેશન પર અને બસ દ્વારા આવનાર શિક્ષાર્થી કરજણ - હાઇવે સ્ટોપ પર ઉતરવું, કરજણ સ્ટેશન અને હાઇવે પરથી વર્ગસ્થાને લાવવાની વ્યવસ્થા રહેશે. | ➢ **ઉત્તર ગુજરાત** (કર્ણાવતી પૂર્વ, કર્ણાવતી પશ્ચિમ, ગાંધીનગર, મહેસાણા તથા બનાસકાંઠા વિભાગનાં શિક્ષાર્થીબંધુઓ)<br>➢ **વર્ગસ્થાન :** પંચશીલ વિદ્યાલય, મુ- માધવકંપા, સાઠંબા રોડ, તા- બાયડ, જીલ્લો- અરવલ્લી-૩૮૩૩૨૫<br>➢ **સંપર્કસૂત્ર :** શ્રી વિનુભાઈ નાઈ (9428646777)<br>➢ **યાતાયાત સુચના :-** બસ દ્વારા આવનાર શિક્ષાર્થીઓને બાયડ બસ - સ્ટેન્ડથી વર્ગસ્થાન સુધી પહોંચાડવાની વ્યવસ્થા રહેશે. |

**ભવદીય**
**શૈલેષ પટેલ**
**(પ્રાંત કાર્યવાહ)**

## અન્ય સૂચનાઓ

- ગણવેશ ઉપરાંત પ્રભાત સંઘ સ્થાન માટે એક જોડી ચડ્ડી અને શર્ટ/ ટીશર્ટ સાથે લાવવું જરૂરી છે. (બરમુડા પ્રકારની ઈલાસ્ટીક કે નાડાવાળી ચડ્ડી શારીરિકમાં કે મેદાનમાં નહીં ચાલે.)
- પોતાના માટે આવશ્યક ઓઢવાનું, પાથરવાનું, થાળી, વાટકો, ગ્લાસ, નોટબુક, પેન, ન્હાવા-ધોવાનો તથા દાઢીનો સામાન, બુટ પોલીશ માટેનું બ્રશ, પોલીશની ડબ્બી વગેરે સાથે લાવવાં.
- ઘોષનું શિક્ષણ લેવા ઇચ્છનાર શિક્ષાર્થીએ પોતાનું વાદ્ય સાથે લઈને આવવું.
- ગીત ગાવાનો અભ્યાસ છે તેવા શિક્ષાર્થી બંધુઓ કેટલાંક ગીતો કંઠસ્થ કરીને વર્ગમાં આવે જેથી બૌદ્ધિક વર્ગ માં વૈયક્તિક ગીત ગાવામાં ઉપયોગી બનશે.
- કિંમતી વસ્તુઓ જેવી કે સોનાના દાગિના, મોબાઈલ ફોન, કેમેરા વગેરે સાથે ન લાવવા. લાવશો તો કાર્યાલયમાં જમા કરાવવાના રહેશે.
- સંઘ શિક્ષા વર્ગમાં આપણે સૌ સંઘકાર્યની સાધના કરવા માટે આવવાના છીએ. સાધનાના આ સમય દરમિયાન વર્ગમાંથી દૂરભાષ કરવાની વ્યવસ્થા રહેશે નહીં. આ વાત ખાસ ધ્યાનમાં રાખવી. અનિવાર્ય હશે તો દૂરભાષથી આવેલ સંદેશ શિક્ષાર્થીને પહોંચાડવામાં આવશે.
- વર્ગસ્થાન પર સંઘ સાહિત્ય વેચાણ માટે ઉપલબ્ધ રહેશે. તે માટે જરૂરી રોકડ રકમ લાવવી ઉપયોગી રહેશે.
- શિક્ષાર્થીએ પ્રવેશ પત્ર જિલ્લા કાર્યવાહને દિ. ૩૦/૦૪/૨૦૨૬ પહેલા જમા કરાવવાનું રહેશે.
- વર્ગમાં આવતા પહેલા વૈદ્યકીય પરીક્ષણ કરાવી પ્રમાણપત્ર અવશ્ય સાથે લાવવું.